PARIPEX - INDIAN JOURNAL OF RESEARCH | Volume - 11 | Issue - 05 | May - 2022 | PRINT ISSN No. 2250 - 1991 | DOI : 10.36106/paripex

ORIGINAL RESEARCH PAPER

Economics

KEY WORDS:

# કોરોના મહામારીથી ખેડૂતોના આરોગ્ય પર થયેલી અસરો ધરમપુર તાલુકાના કાનૂરબરડા ગામના સંદર્ભમાં

**Ahir Jigisha D**

Adhoc Lectuirer Shah N.H. Commerce College Valsad

**ABSTRACT**

પ્રસ્તુત પેપર કોરોના સમય દરમયિાન ખેડૂતોની આરોગ્યની પરસ્થિતિ પિર કેવી અસર પહોંચાડી તેનો નાનકડો અભ્યાસ સ્વરૂપે રજૂ કરવામાં આવેલ છે. આરોગ્ય અને સારું જીવન એક સક્કિાની બે બાજુ સમાન છે સ્વસ્થ જીવન જીવવા માટે આરોગ્ય વ્યવસ્થતિ હોવું જોઈએ પહેલું સુખ તે જાતે નર્યા આ ઉકતિ અહીં સાર્થક થાય છે. પ્રસ્તુત પેપરમાં ધરમપુર તાલુકાનું એક નાનકડું ગામ કાનુરબરડા કે જ્યાં કોરોના એ લોકોના સ્વાસ્થ્ય પર શું અસર ઉપજાવી તેનો અભ્યાસ કરવામાં આવ્યો છે આ પેપરમાં પ્રાથમકિ માહતિી અને ગૌણ માહતિી બંનેનો ઉપયોગ કરવામાં આવે છે સારું સ્વાસ્થ્ય વ્યક્તનિી કામ કરવાની શક્તમિાં વધારો કરે છે તેના પર ભાર મૂકવામાં આવ્યો છે.

## પ્રસ્તાવના

પ્રસ્તુત અભ્યાસક્રમ વૈજ્ઞાનિક પદ્ધતિ અનુસાર સંશોધન પ્રક્રિયા કરી જેમાં પ્રસ્તુત સંશોધનમાં કોરોના મહામારી થી ખેડૂતોના આરોગ્ય પર થયેલી અસરોનો અભ્યાસ થકી વધતી જતી ખેડૂતોની સમસ્યા ઉપર સમાજકાર્યની દ્રષ્ટિએ એક અભ્યાસ વિષય પસંદ કરવામાં આવ્યો છે જેમાં ઉત્તરદાતા તરીકે ખેડૂતોને પસંદ કરવામાં આવેલ છે.

આ અભ્યાસ દરમિયાન કોરોના ને કારણે કેવા કેવા પ્રકારની સમસ્યાઓ ઉદભવે છે તથા તેના જવાબદાર કારણો જાણવા નિરાકરણ ના ઉકેલ મળી શકતા હોય છે તેના માટે પ્રત્યક્ષ કે પરોક્ષ અભ્યાસ કરવામાં આવેલ છે.

કોરોનાવાયરસ એ સમગ્ર વિશ્વમાં શત્રુ તરીકે ની ભૂમિકા ભજવી છે આજના ઝડપી અને આધુનિક સમયમાં બાળકોથી માંડીને વૃદ્ધો સુધીના સહુ કોઇ આ વાયરસની અસર જોવા મળે છે આ વાયરસના કારણે કરોડો લોકો સંક્રમિત થયા અને લાખો લોકો મૃત્યુ પામ્યા હતા છતાં હજુ સુધી અટકાવવો શક્ય બનેલ નથી આ વાઇરસને કારણે ખેડૂતોના જીવન પર ઊભી થયેલી અસર ના જેવી કે આર્થિક સામાજિક માનસિક સમસ્યાઓ જોવા મળે છે તેનો અભ્યાસ કરવામાં આવેલ છે

વર્તમાન સમયમાં ખેડૂતોની સમસ્યાઓનું પ્રમાણ ઉત્તરોત્તર વધતું જોવા મળે છે જેના કારણે અનેક સમસ્યાઓ જેવી કે કૌટુંબિક સામાજિક આર્થિક આરોગ્યલક્ષી માનસિક સમસ્યાઓ જોવા મળે છે.

- **હેતુઓ**

૧. કોરોના મહામારીથી ખેડુતોના આરોગ્ય પર કેવી અસર થઈ તે જાણવી

૨. કોરોના સમયમાં સરકાર દ્વારા અપાયેલ કોઇ યોજના નો લાભ મળ્યો છે કે તે જાણવું

૩. કોરોના સમય દરમિયાન ખેડૂતોને સારવાર કયા પ્રકારે મળતી હતી તે માહિતી મેળવવી

- **કોરોના વાયરસ નો ઇતિહાસ**

કોરોના લેટીન ભાષા પરથી ઉતરી આવેલ નામ છે જેનો અર્થ લેટિનમાં એટલે મુકુટ થાય છે અને આ વાયરસ સપાટી પર સ્પાઈક્સની સીરીઝ એટલે કે તાજની જેમ તેવી રચના બનાવે છે માટે તેને કોરોના તરીકે ઓળખવામાં આવે છે

કોરોનાવાયરસ ની શરૂઆત ૨૧મી સદીમાં વિશ્વમાં બનાવવા સ્વપ્ન સેવતુ એવુ ચીન-જાપાન શહેરના સી-ફુડ માર્કેટમાંથી નવેમ્બર મહિનો 2019 માં શરૂઆત થઇ હતી

સૌપ્રથમ ચીન વાયરસને કારણે ઇમર્જન્સી ઘોષિત કરી અને ત્યારબાદ 11 માર્ચ 2020 ના રોજ W.H.O. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન કોરોના મહામારી એટલે કે વિશ્વની વૈશ્વિક મહામારી તરીકે જાહેર કરી અને આ મહામારી થી બચવા માટે ઘણા દેશોએ લોકડાઉન આ અંગેની જાહેરાત કરી અને લોકોને સામાજિક અંતર જાળવવા વિનંતી કરી અને માસ્ક પહેરવું ફરજિયાત કર્યું

- **કોરોનાવાયરસ એટલે શું**

કોરોનાવાયરસ વાયરસ નું એક મોટું જૂથ છે જે સૂક્ષ્મ જીવાણુઓ માં પણ સૌથી સૂક્ષ્મજીવવાયરસ છે. જે વ્યસન ને લગતી બીમારી અને ફ્લૂ જેવી બીમારીઓના લક્ષણોને કારણે બને છે. જેવી રીતે સ્વાઈન ફ્લૂ $H_1N_1$ કહે છે કોરોનાવાયરસનાં શધિક ઇવાનોકસી છે. જેની શોધ હોંગકોંગમાં 1960માં થઈ હતી સૌ પ્રથમ આ વાઇરસને બ્રોકાઇસિશ વાયરસ તરીકે ઓળખવામાં આવતો હતો આ વાયરસ પ્રથમ મરઘીઓ માં જોવા મળતો હતો માણસના નાક અને ગળા બંને પ્રકારના કોરોના વાઇરસ જેવા જ મળે છે

- કોરોનાવાયરસ ના લક્ષણો
- તાવ આવવો
- છીંક આવવી
- શરીર દુખવું અને ગળામાં દુખાવો
- માથાનો દુખાવો
- તાવ ન્યૂમોનિયાની અસર
- કિડની સાથે જોડાયેલ તમામ પેશીઓને વધારે ન્યૂમોનિયાને કારણે ફેફસામાં અસર થાય છે અને ફેફસામાં દર્દીની હાલત વધુ ગંભીર બને છે.

આમ, ઉપરોક્ત જણાવ્યા પ્રમાણે કોરોના વાયરસ ફેલાવાના કારણો છે આવા પ્રકારના કારણોસર કોરોના વાયરસનું સંક્રમણ ફેલાય છે

- **કોરોનાવાયરસ થી બચવા માટેના પગલાઓ**

છીંક અને ખાંસી આવતા સમય તમારા નાક અને મોં ને રુમાલથી અથવા ટિસ્યુ પેપર થી ઢાંકવું

શરદી આવતા એક મીટરનું અંતર રાખવું

વારંવાર સાબુથી હાથ ધોવા

સીફુડ આરોગવાનું ટાળવું જોઈએ

બીમાર દરમિયાન આંખ નાક અને મોં ને સ્પર્શ કરવો નહીં

જાહેર જગ્યાએ જવું જોઈએ નહીં

- **કોરોનાવાયરસ ની સારવાર માટે ઉપયોગમાં લેવાતી દવા**

રેમડેસીવિર

લોપીનાવીર
ફેવિપીનારવિર
મીઠાઈલ પ્રેગનીસોબોન

- **ધરમપુર તાલુકાની માહિતી**

ભારત દેશના ગુજરાત રાજ્યની પૂર્વે પર છેક દક્ષિણે મહારાષ્ટ્ર રાજ્ય નાસીક જીલ્લા અને અડીને આવેલ હાલનો ધરમપુર અને કપરાડા તાલુકો મળી એશિયામાં મોટામાં મોટો ધરમપુર તાલુકો કહેવાતો ગુજરાતનું ચેરાપુંજી ગણાતું આ ધરમપુર એતિહાસિક ભૌગોલિક સાંસ્કૃતિક તેમજ નૈસર્ગિક સમૃદ્ધિ ધરાવે છે.

આરોગ્ય દરેક વ્યક્તિની પ્રાથમિક જરૂરિયાત છે જરૂરીયાત મંદ વ્યક્તિઓ અને અંતરિયાળ ગામડાઓમાં ગુણાત્મક જાહેર આરોગ્ય પ્રદાન કરવાની પ્રાથમિક જવાબદારી છે વિશ્વ આરોગ્ય સંસ્થાએ 2000માં બધા માટે આરોગ્યની ની હિમાયત કરી ભારતે સૌ પ્રથમ 1983માં રાષ્ટ્રીય આરોગ્ય નીતિ ઘડી તેના ઉદ્દેશ્યને પરિપૂર્ણ કરવા માટે તેણે વિકાસની આવશ્યકતા માટે બાળમૃત્યુદર માતા અને ગર્ભાધાન મૃત્યુદર ને ધ્યાન માં લીધો

- **Covid 19 ની ધરમપુરના ખેડૂતોના સ્વાસ્થ્ય ઉપર ની અસરો**

Covid 19 ની મહામારી તેને કારણે ખેડૂતોના જીવન પર માનસિક અને શારીરીક મુસીબત મોટા પ્રમાણે જોવા મળે છે તેમની આર્થિક અને માનસિક મજબૂતાઈ પણ આ સમયમાં ખોવાઈ ગઈ છે જેમાં પાછાતવર્ગને ખેડૂતો તેમજ સામાન્ય વર્ગના વ્યક્તિઓ ઉપર ઉમદા અસર જોવા મળી છે કાનુરબરડા ગામના જનજાતિ સમાજને તેમજ અન્ય આર્થિક રીતે નબળા પરિવાર જનોમાં કમાવ માણસના સ્વાસ્થ્ય બગડતા સંપૂર્ણ પરિવાર ખોરવાઈ જાય છે તેમનું માનસિક સંતુલન બગડે છે. કમાઉ વ્યક્તિને કોરોના થતા રોજગારી પર જવાતું નથી પાક માર્કેટ સુધી પહોંચાડી શકતો નથી ઘરે પૈસા આવતા બંધ થઈ જાય છે તેની અસર પરિવારના બીજા સભ્યો પર પડે છે કોરોના દરમિયાન કેટલાક લોકોએ આત્મહત્યા પણ કરી ઘેર ઘેર એક બે વ્યક્તિઓના મોત નિપજ્યા

વલસાડ ધરમપુર ની સરકારી સ્ટેટ હોસ્પિટલમાં દરદીઓનો આરોગ્ય સાથે ચેડા એક્સપાયરી ડેટ ના બોટલ દર્દીઓને ચઢવવામાં આવ્યા જેના સોશિયલ મીડિયા પર વીડિયો પણ વાયરલ થયા

ખેડૂત જેને જગતનો તાત કહેવામાં આવે છે. ગરીબી અને નિરક્ષરતા ના કારણે કોરોના કે બીજી કોઈ વિપતી જેનો સામનો મહદંશે સમાજ નો આ વર્ગ જેને વધારે  સહન કરવું પડે છે

કોવિડની અસરથી ખેડૂતોનું સ્વાસ્થ્ય બીજી બીમારી તરફ પર ગયું એવી માહિતી પ્રાપ્ત થઇ છે તેઓની શારીરિક શક્તિમાં ઘટાડો થઈ રહ્યો છે

- **તારણ**

કોરોના ની વેક્સિન કેટલા ટકા લોકોએ લીધી ગામમાં બધાના કુટુંબમાં રસીકરણ વિશે માહિતી આપવામાં આવી છે જે નીચે મુજબ દર્શાવવામાં આવેલ છે

૯૦ % લોકોએ રસી લીધી
૧૦ %  લોકોએ રસી ન લીધી
આ ૧૦ % લોકોએ રસી ન લીધી તેના કારણો શોધી ને આ કારણો દૂર કરવાનો હજી વધુ પ્રયત્ન કરવાની જરૂર છે

કોરોના ના સમય દરમિયાન ની સરકાર દ્વારા ખેડૂતોને મફત અનાજ નાણાકીય સહાય પણ પૂરું પાડવામાં આવી જે તેમની આર્થિક સ્થિતિ સુધારવા માટે ઘણી અપૂરતી જણાય

કોરોના સમય દરમિયાન ખેડુતો જે સારવાર કેવી મેળવી જેની વિગત નીચે મુજબ દર્શાવવામાં આવેલ છે

| ક્રમ | વિગત | ટકાવારી |
|---|---|---|
| ૧ | હોસ્પિટલમાં | ૬૬.૬૭ |
| ૨ | ઘરે | ૩૩.૩૫ |
| ૩ | અન્ય | ૦૦.૦૦ |
| | | ૧૦૦ |

ઉપરોક્ત કોષ્ટક નો અભ્યાસ કરતા જણાય છે જે ખેડૂતોને કોરોના થયા તેમણે કેવી રીતે સારવાર મેળવી તે લગભગ 66.67% હોસ્પિટલમાં સારવાર કરાવી જ્યારે બાકીના ૩૩.૩૫ % ઘરેથી સારવાર જેવા કે દેશી ઉપચારથી સારા થયા આ સંદર્ભે એવું અનુમાન લગાવી શકાય તે ૨૩.૫ ટકા લોકો કેમ ઘરે સારવાર લીધી તે દવાખાનામાં જવાથી મૃત્યુ થાય રિપોર્ટ પોઝિટિવ આવે એવી અંધશ્રદ્ધાની નિરક્ષરતા જેવા પરિબળો જવાબદાર ગણાવી શકાય એ દૂર કરવું જરૂરી છે

## સંદર્ભસૂચિ


1. https://valsad.ddp.gujarat.gujarat.gov.in/valsad
2. https://www.who.inthealth.topics
3. hao// health.branch/inbtroduction.htm

Books
1. ધરમપુર ગામની ઐતિહાસિક પોથી
૨. ન્યુ પોપ્યુલર પ્રકાશન, સુર ( ભારતની આર્થિક વિકાસની સમસ્યાઓ)સમાચાર પત્ર - વર્ષ ૨૦૨૧૧.
3. ગુજરાત સમાચારપત્ર / Topic  ભારતમાં વિકસિનેશન અભિયાન )